# ઈશ્વર પેટલીકરનું માનસદર્શન 'જનમટીપ'



**Dr.Kalpanaben Trivedi**
**Dept. of Gujarati**
**C.B.Patel Arts College,Nadiad**

દરેક સર્જક તેના સાહિત્ય સર્જન વડે ઓળખાય છે અને સમાજમાં પ્રતિષ્ઠા પામે છે. એક સર્જક તરીકે પેટલીકર ગુજરાતની પ્રજામાં જેટલા પ્રતિષ્ઠિત થયા તેમાં તેમની કૃતિઓનો ફાળો વિશિષ્ટ છે. એમના સર્જનમાં સૌથી વધુ પ્રતિષ્ઠિત થયેલી રચના તેમની નવલકથા જનમટીપ છે. ગોવર્ધનરામ 'સરસ્વતીચંદ્ર' થી પ્રતિષ્ઠા પામ્યા તેમ ઈશ્વર પેટલીકર 'જનમટીપ' ના લેખક તરીકે વિશેષ પ્રસિદ્ધિ પામ્યા હતા. જોકે નવલિકા, ચરિત્ર, નિબંધ, ચિંતન અને પત્રકારત્વ જેવા સાહિત્યનાં અન્ય ક્ષેત્રોમાં પણ તેમણે સફળતાપૂર્વક કલમ ચલાવી હતી. 'લોહીની સગાઈ' નવલિકા પણ તેમની કિર્તીદા કૃતિ પૂરવાર થઈ હતી.

સાહિત્યના ક્ષેત્રમાં પોતાનું પ્રતિષ્ઠિત સ્થાન પામનાર ઈશ્વર પેટલીકરે કોલેજ કે વિદ્યાપીઠનું શિક્ષણ લીધું ન હતું. શ્રી ઝવેરચંદ મેઘાણી જણાવે છે તેમ ઈશ્વર પેટલીકર પોતાની કોઠાસૂઝ અને જન્મદત્ત સંસ્કારથી જ એક ઉત્તમ લેખક બની શક્યા હતા. નાનપણથી જ પોતાની સાહિત્ય

પ્રીતિને પોષક વાતાવરણ મળતું રહ્યું અને સાથે સાથે ગ્રામજીવન અને વાતાવરણ પણ તેમની આસપાસ સાક્ષાત અનુભવવા પણ મળ્યું.

ઈશ્વર પેટલીકરના સાહિત્ય સર્જનોમાં જણાવું તો 22 જેટલી તેમની નવલકથાઓ, 11 જેટલા તેમના વાર્તા સંગ્રહો, 6 જેટલા તેમના રેખાચિત્રો, 17 જેટલા તેમના નિબંધ સંગ્રહો અને 26 જેટલા પ્રકીર્ણ પુસ્તકો પ્રકાશિત થયેલા છે.

ઈશ્વર પેટલીકર ખેડા જિલ્લાના પેટલી ગામના વતની હતા, જેને આજે લોકો ચરોતર ના નામે ઓળખે છે. આ લેખકે એમની કથાઓમાં ચરોતરના જનજીવનને રજૂ કરીને લખેલી પ્રાદેશિક નવલકથાઓમાં ' જનમટીપ' એક અજોડ અને વિશિષ્ટ કૃતિ બની રહી છે. લગભગ અઢીસો પાનમાં પ્રસરેલી આ કથા કુલ ૨૬ પ્રકરણોમાં રજૂ થઈ છે.વાર્તા પ્રવાહના અવનવા વળાંકોને ગૂંથતા લેખકે કથા પ્રસંગોની આકર્ષક જમાવટ કરી છે. ચરોતરમાં વસતા પાટણવાડીયા કોમના એક ખેડૂત કુટુંબની કથા અહીં રજૂ કરી છે. તે સમયમાં  ઠાકરડાઓની એક નીચલી કોમમાંથી આ કથા લેવામાં આવી છે. આમ તો આ કોમ મારફાડ, ચોરીલૂંટના ગુનાઓ માટે જાણીતી છે. ઉપરાંત વંશપરંપરામાં વેર- અદાવત એ આ વર્ગની એક સ્વાભાવિક ખાસિયત છે. આવી કોમના ખેડૂત પરિવાર દેવાનો પુત્ર ભીમો અને તેની પત્ની ચંદાને કેન્દ્રમાં રાખીને આ કથા રચાય છે.

કથાનાયક ભીમો અને ચંદા જેવાં બે મુખ્ય પાત્રોની આસપાસ ગૂંથાતી પાત્ર પ્રધાન નવલકથા છે. તેમાંથી નાયિકા ચંદાનું પાત્ર વિલક્ષણ છે. નાનપણથી નીડર અને મોજીલી ચંદા યુવાન વયમાં પ્રવેશતા સ્વમાની પણ બની છે. ગામમાં એક વખત વિફરેલા સાંઢે તોફાન મચાવ્યું હતું ત્યારે જાન બચાવવા સૌ નાસભાગ કરતા હતા અને યુવાનો પણ ત્યાંથી ભાગી છુટ્યા હતા. આ ક્ષણે પોતાના જાનની પરવા કર્યા વિના એકલા હાથે ચંદાએ વિફરેલા સાંઢને નાથ્યો હતો બસ, ત્યારથી ચંદાની ખ્યાતિ આખા પંથકમાં ફેલાઈ ગઈ. નાનપણમાં એનું વેવિશાળ જેની સાથે નક્કી થયેલું એ યુવાન તો ચંદા ના પરાક્રમથી ડઘાઈ જ ગયેલો . તેણે ચંદાની સાથે પરણવાનું માંડી વાળ્યું. આવી ચંદા એકવાર મેળામાં જાય છે ત્યાં ભીમા સાથે મુલાકાત થાય છે. તેને આ પુરુષ પરણવા લાયક જણાતાં આ બંને પાત્રો પરસ્પર નજીક આવે છે. તેમનો પ્રેમ પાંગરે છે અને ત્યારબાદ લગ્નમાં પરિણમે છે. લગ્નના બંધનમાં બંધાતા પહેલાં બેઉ પરસ્પર શરત કરે છે. આ શરતમાં ચંદા કહે છે, " મેં સાંઢ નાથ્યો તે વાત મારે કદી સાંભળવી નહીં, એનું અભિમાન રાખવું નહીં, ડાભીની દીકરી મટીને વારેચાની વહુ બનીને રહેવું ને તારે મારું અપમાન થાય ત્યારે જીવને જોખમે તરત બદલો લેવો.....તું દારૂ પીશ, એલ ફેલ બોલીશ કે બહાર ભવાડો કરીશ, કોઈ ખોટું ખરું બોલી જશે તો તે નહીં સાંખું, સાડી

સત્તરવાર નહિ સાંખું...."આ શરત પરસ્પર કબૂલ કર્યા પછી પણ લગ્ન માટે આ દંપત્તિનો માર્ગ સાવ નિષ્કંટક તો નથી જ રહેતો. ગામના માથેભારે દાદાઓ, જેમાં તલાટી પણ સામેલ છે તેવાનો સામનો કરવાનો પ્રશ્ન ઉભો થાય છે. ગામ નાતીલાઓના કાવાદાવા પણ આડે આવે છે. આ બધા અવરોધોને પાર કરી છેવટે ભીમા અને ચંદાના લગ્ન થાય છે.

નાયક અને નાયિકા પ્રેમ કરે અને પરણે ત્યારે કથા પૂરી થતી લાગે છે પરંતુ અહીં લેખકે તેમ ના કરતા લગ્ન પછીના એક પ્રસંગથી વાર્તા શરૂ કરી છે એ પદ્ધતિથી થોડાક ભૂતકાળનાં દ્રશ્યો વર્ણવ્યા છે. ઉત્તરાર્ધથી કથા પુનઃ વર્તમાનમાં પ્રવેશે છે અને રોચક રીતે વિરામ પામે છે. ભીમો અને ચંદા પરણ્યા પછી તો શરૂઆતમાં પ્રસન્ન દાંપત્ય ભોગવે છે. પરંતુ એક દિવસ ગામનો માથા ફરેલો એવો ખલનાયક પૂંજો ચંદાની છેડતી કરે છે. પાણી ભરવા ગયેલી ચંદાના ફાટેલા વસ્ત્રમાંથી નિતરતા જોબનને નફટાઈથી તાકી રહે છે ત્યાં સુધી તો પૂંજો જાણે માફ કરવા જેવો લાગે છે પરંતુ એના પર નજર પડતાં ચંદા લાજ કાઢવા મોઢે કપડું આડું કરે છે ત્યારે નફ્ફટાઈની હદ વટાવતો પૂંજો બોલી ઉઠે છે કે હવે મોઢું શું ઢાંકે છે, ઢાંકવા જેવું તો ઢાંક્યું નથી! બસ, વીજળી પડી હોય તેમ ચંદા ચમકે છે. છતાં સંયમ જાળવીને તે પાછી ફરે છે. નિશાળે ગયેલાં બાળકો ઇન્સ્પેક્શનને લીધે ઘરે મોડાં આવે છે ત્યારે તેમને લઈને ખેતરે

જાય છે. સવારથી ખેતરમાં ગયેલો ભીમો તેના મા બાપ જોડે કામ કરીને થાક્યો હોય છે, કકડીને ભૂખ પણ લાગી હોય છે. આસપાસના ખેડૂઓ ભોજન કરીને ફરી કામે લાગ્યા હોય છે અને હજુ ચંદા નથી આવી એટલે તેનો ગુસ્સો કાબુમાં રહેતો નથી. જેવી ખેતરના ખૂણે ચંદા પ્રવેશે છે તેવો જ ભીમો તેના બરડા પર બે ડાંગ વીંઝી દે છે, ત્યારે ચંદા એને કહે છે "માર, માર! તારાથી બીજું થવાનું ય શું છે? બહુ પાણી છે તો મઈ નું મઈ રેવા દે..."પછી તે છેડતીની વાત કરે છે ત્યારે ભીમાને એક તરફ ખોટો ગુસ્સો કર્યો તેનો પસ્તાવો થાય છે. પછી તે પોતાની પત્નીના અપમાનનો બદલો લેવા તૈયાર થાય છે.

બરાબર આ જ અરસામાં ગામમાં ફોજદારનો પડાવ આવે છે. તેથી પૂંજાનો ઘાટ ઘડવાનો ભીમાનો મનસૂબો ઠંડો પડી જાય છે. પણ ચંદા જેવી રૂપનો કટકો હતી તેવી જ વટનોય કટકો હતી. એ જ દિવસે તે ભીમાનું ખોરડું મૂકીને પિયરની વાટ પકડે છે. વિદાયવેળાએ ભીમાને સંબોધે છે:"... સાથે સાથે કહી દઉં કે કદી પાછા આવવાનું વખત ન આવ્યો, તોય એટલી તો ખાતરી રાખજે કે ચંદાના હાથમાં છેવટ સુધી ચૂડીઓ તો તારી જ રહેશે..." આ શબ્દોને એક પત્ની તરીકે તેની વફાદારી પ્રગટ થાય છે.

ચંદાના ગયા પછી ગામમાંથી થોડા દિવસ બાદ ફોજદારીનો પડાવ ઊઠે છે ત્યારે લાગ શોધીને ભીમો અને તેનો બાપ દેવો ચંદાની છેડતીનો બદલો લેવા તૈયાર થાય છે. બંને બાપ દીકરો મળીને પૂજાનું ખૂન કરે છે. બેઉની ધરપકડ થાય છે, કેસ ચાલે છે. અદાલત બંને આરોપીઓને ખૂનનો ગુનો પૂરવાર થતાં જનમટીપની સજા કરે છે. જીવનભરની કેદમાં પૂરાતા બાપ - દીકરાને મળવા ચંદા જેલમાં જાય છે ત્યાં પોતાના અપમાન નો બદલો લીધાનો સંતોષ વ્યક્ત કરવા સાથે બેઉને આશ્વાસન આપતાં કહે છે, હવે હું ઘરની જવાબદારી એકલા હાથે સંભાળીશ તમે નચિંત રહેજો. આમ કહીને તે ભીમાને ઘેર પાછી ફરી સંભાળ લે છે.

એક જ વર્ષના સમયગાળાના કથા પ્રસંગોને સાંકળતી આ કથા અહીં પૂરી થાય છે. જેલમાં પતિ અને સસરા સજા ભોગવે છે અને આ બેઉ પુરુષો વિનાના કુટુંબને સંભાળતી ચંદા જાણે જેલ બહાર જનમટીપ ભોગવે છે. સમાજના નીચલા થરના લોકો પણ કેવું પ્રસન્ન દાંપત્ય ભોગવે છે અને કેવા ટેક પાળનાર સ્વમાની હોય છે તેનો પરિચય આપતી ' જનમટીપ' એના વિરલ તેમજ વિલક્ષણ કથા તત્વને કારણે આજે પણ ગુજરાતની આમ જનતા તેમજ વિદ્વાન વર્ગમાં એક આકર્ષણ જમાવી રહેલી એક ઉત્તમ નવલકથા બની રહી છે.

પ્રથમ દર્શન કીધાં,' જનમટીપ'વાંચી ખૂબ રસથી

દીઠાં ભીમો ચંદા, પ્રેમાલાપ કરતા કસમકસથી
મળ્યાં ભીમો ચંદા ભીમે કબૂલ્યા ટેકી વચનો,
બે હૈયાં બંધાયા કોલે જીવન મરણનો
વિંધાયા ગૂંથાયા ભીંજાયા બેહદ પ્રેમ જળમાં,
તણાયાં બંને દિલ, ગળાડૂબ પ્રેમવમળમાં
ખુશ હતાં દેવો કંકુ, ભીમો ચંદાની પ્રીતે
હતો ભીમો બંધક, ટેક પૂરવા પ્રેમની રીતે
પણ પૂજા બામરોલીયાની, બગડી ચંદા પર નજર
અને ચંદા વીફરી, ક્રોધે એ નફ્ફટ પર
કહે ચંદા ભીમાને કે, જઉં છું પિયર ટેક પૂરજે
દીધો ભીમાએ ઝાટકે, મરદવટે કર્યો ના સહેજે
વળી પાછી ચંદા, 'જનમટીપ' ભીમાની સુણી,
સંભાળ્યા દેવો - કંકુ , હળ હાંક્યાં દીકરો બની,
ભીમા - ચંદા જેવાં ઘણાં પાત્રો ભણાવું ને ભણું,
થયું માનસ દર્શન, મારા માનસને પેટલીકર તણું

**સંદર્ભ સૂચિ** :


1. પેટલીકર, ઈશ્વર(1944). જનમટીપ, પ્રથમ આવૃત્તિ
2. પટેલ, મણિલાલ(1998). અભિમુખ,પ્રથમ આવૃત્તિ